IndiaFirst
LIFE INSURANCE

**Publication: Satyam Times** **Date: Sunday, 30th November, 2014**

**Edition: Surat**

# ઈન્ડિયાફર્સ્ટ લાઈફ ઈન્શ્યુરન્સ @ ૫, લોન્ચ કરે છે "હેપ્પી ઈન્ડિયા"

સુરત, તા.૧૯: નાવીન્યપૂર્ણ વિચારો અને પરિવર્તન લાવવાની ધગશ સાથેના યુવા પરિવર્તનકારીઓને પિછાણવા માટે ઈન્ડિયાફર્સ્ટ લાઈફ ઈન્શ્યુરન્સે હેપ્પી ઈન્ડિયા પહેલની જાહેરાત કરી છે. આ સામાજિક પરિવર્તન પહેલ કંપનીની ૫મી તિથિની ઉજવણીના ભાગરૂપે ૧૧-૧૬ વયવર્ષના બાળકો માટે છે. આ પહેલની જાહેરાત કંપનીની ૫મી તિથિની ઉજવણી ખાતે ઈન્ડિયાફર્સ્ટ લાઈફ ઈન્શ્યુરન્સના ચીફ માર્કેટિંગ ઓફિસર શ્રી મોહિત રોશનાલી દ્વારા કરાઈ હતી. આ પહેલની રજૂઆત વિશે બોલતાં શ્રી મોહિત રોશનાલીએ જણાવ્યું હતું કે દેશમાં સેવાનાં પાંચ વર્ષ પૂર્ણ કર્યા છે તે નિમિત્ત સાધી હેપ્પી ઈન્ડિયા લોન્ચ કરવામાં અમને બેહદ ખુશી થઈ રહી છે. ભારતમાં પરિવર્તનનો પવન ફૂંકાઈ ચૂક્યો છે. નવી સરકાર ભારતને નાણાકીય સમાવેશકતાથી લઈને મેક ઈન ઈન્ડિયાથી સ્વચ્છ ભારત અભિયાન સુધી બહેતર બનાવવા માટે શ્રેણીબદ્ધ પગલાં લઈ રહી છે. હવે વિદ્યાર્થીઓને ફક્ત માગણી કરીને નહીં પરંતુ વાસ્તવમાં તેમને માટે નિર્માણ કરીને આ પરિવર્તનનો ભાગ બનવાની તક ચાલીને આવી રહી છે. હેપ્પી ઈન્ડિયાનું લક્ષ્ય યુવા પરિવર્તન ઘડવૈયાઓની તલાશ કરવાનું લક્ષ્ય છે અને પરિવર્તન માટે તેમના વિચારોનો અમલ કરવા માટે તેમને ટેકો આપવાનું લક્ષ્ય છે. આમાં ૧૫ શહેરની ૫૦૦ શાળામાંથી ૨૦;૦૦૦ વિદ્યાર્થીઓ ભાગ લેશે. યુવાનો તેમને ચિંતા કરાવે તેના સામાજિક મુદ્દાઓ પિછાણશે અને આ મુદ્દાઓનો ઉકેલ લાવવા માટે તેઓ શું નિયોજન કરી શકે તે વિશે તેમના વિચારો રજૂ કરશે. ઈન્ડિયાફર્સ્ટ લાઈફ આ સામે ૨૫ ઉત્તમ પરિવર્તન માટેના વિચારોને ટેકો આપીને રૂ. ૫૦,૦૦૦ની ગ્રાન્ટ આપશે, જેથી આ યુવા પરિવર્તનકારીઓ તેમના સપનાનું પરિવર્તન ઘડી શકશે. આ પહેલને બેન્ક ઓફ બરોડા અને આંધ્ર બેન્કો ટેકો આપ્યો છે, જ્યારે વેલિડેશન અને પ્રોસેસ વેલિડેશનનું નોલેજ પાર્ટનર્સ કેએમપીજી ધ્યાન રાખશે.

A Joint Venture of
Bank of Baroda Legal & General Andhra Bank